આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૪૪ | ૧૫ નવેમ્બર, ૨૦૧૩, શુક્રવાર; કારતક સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે પાટનગરમાં ભવ્ય તાજીયા જુલુસ

## કોમી-એખલાસના માહોલમાં જુલુસનું ઠેર-ઠેર ભવ્ય સ્વાગત થશે

## ઢોલ નગારા સાથે નીકળનારા જુલુસને લઈ નગરજનોમાં ઉત્સુકતા

ગાંધીનગર, તા. ૧૪

શહેરમાં આજે કોમી એખલાસના માહોલ વચ્ચે તાજીયા જુલુસ નીકળશે. હુસેની કમિટી દ્વારા ભવ્ય તાજીયા જુલુસનું આયોજન કરવામાં આવ્યું છે. હજરત ઈમામહુસેનની શહાદતની યાદમાં કોમી એખલાસની ભાવનાને બળવત્તર બનાવવા તાજીયા જુલુસ યોજવામાં આવે છે. શહેરમાં સે. ૨૯ બસ સ્ટેન્ડ પાછળ સ્થિત હુસેનીચોક ખાતેથી આજે બપોરે ૨.૩૦ કલાકે જુલુસ નીકળશે. ગાંધીનગર ઉપરાંત પેથાપુર, છાલા, સાદરા, પોર, ખોરજ, અડાલજ તેમજ દહેગામ, કલોલ અને માણસામાં વિવિધ વિસ્તારમાં પણ ભવ્ય તાજીતાયનું આયોજન કરવામાં આવ્યું છે.

ઈસ્લામ ધર્મના મહાન પેયંગબરના દોહીત્ર-નવાસા હઝરત ઈમામ હુસેને પોતાના ચુનંદા ૭૨ સાથીઓ સાથે કરબલા ખાતે માનવતા માટે વહોરેલી ભવ્ય સહાદતની યાદમાં તાજીયા જુલુસ યોજવામાં આવે છે. ઈમામ હુસેનની શહાદતને શ્રદ્ધાંજલિ અર્પવા ગાંધીનગરની હુસેની કમિટી દ્વારા ભવ્ય તાજીયા જુલુસ નીકળશે. હુસેની કમિટીના પ્રમુખ બાબુભાઈ મન્સુરીના જણાવ્યા મુજબ તા. ૧૫ નવેમ્બરે સે. ૨૯ સ્થિત હુસેની હુસેની ચોકમાંથી બપોરે ૨.૩૦ કલાકે તાજીયા જુલુસનો પ્રારંભ થશે. 'યા હુસેન'ના નારા સાથે પ્રારંભ થનારા જુલુસમાં સમાજના અગ્રણીઓ નગરજનોની સાથે ઊંટલારીઓ અને અનેક વાહનો પણ જોડાશે. તાજીયા જુલુસનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ઢોલ-નગારા સાથે જુલુસમાં અનેક આકર્ષણો પણ જોવા મળશે.

તાજીયા જુલુસ દરમિયાન ભાઈચારા અને કોમી એકલાસનું અનોખુ વાતાવરણ જોવા મળશે. સ્થાનિક રાજકીય આગેવાનો, વસાહત મંડળો, નવરાત્રિ સમિતિ, બ્રહ્મકુમારીની બહેનો પણ તાજીયા જુલુસનું સ્વાગત કરશે. ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રી, સ્થાનિક ધારાસભ્ય, મેયર મહાનગરપાલિકાના કોર્પોરેટરો તેમજ પૂર્વ પંચાયત મંત્રી કાસમબાપુ તાજીયા જુલુસનું ભવ્ય સ્વાગત કરશે. તાજીયા જુલુસને સફળ બનાવવા કે.ડી. મેમણ, ઈબ્રાહીમખાન પઠાણ, યુસુફ મન્સુરી, યાસીનભાઈ વોરા સહીતના આગેવાનોએ તાજીયાના સફળ આયોજન માટે જહેમત ઉઠાવી છે. આ ઉપરાંત ગાંધીનગર શહેર ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ અનવરભાઈ જુનેજાએ પણ તાજીયા જુલુસ અંગે આયોજકોને શુભેચ્છા પાઠવી ઠેર ઠેર ભવ્ય સ્વાગતની તૈયારી થઈ ગઈ હોવાનું જણાવ્યું છે.



(તસવીર : દિપક જાની)

# લોકસભાનો ચૂંટણી જંગ આસુરી પ્રપંચો સામે લડવાનો છે : અર્જુન મોઢવાડિયા



(તસવીર : દિપક જાની)

## યુપીએના શાસનમાં ગાંધીનગરના વિકાસ માટે મહત્વના નિર્ણયો લેવાયા છે

ગાંધીનગર, તા. ૧૪

આગામી લોકસભાની ચૂંટણીનો જંગ આસુરી શક્તિ સામેનો છે. આસુરી શક્તિઓ જુઠાણાના પ્રપંચ રચી સમાજને ગુમરાહ કરવાનો પ્રયાસ કરી રહી છે ત્યારે કોંગ્રેસના કાર્યકરોએ સત્યનો શંખનાદ ફુંકીને તેને પરાસ્ત કરવાનો છે તેમ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ આજે જિલ્લા-શહેર કોંગ્રેસના સ્નેહ સંમેલનમાં સંબોધતા જણાવ્યું હતું.

શ્રી મોઢવાડિયાએ જણાવ્યુ કે લાલ કિલ્લા પરથી રાષ્ટ્ર જોગ સંદેશાનું વહન થાય છે તેવી પરંપરા છે પણ ભાજપના નેતાઓ લાલકિલ્લા જેવો આબેહૂબ મંચ બનાવી રાજનીતિ કરે છે. જુઠાણા ભાજપવાળા ફેલાવવામાં માહિર છે. પટનામાં જીભ લપસી, બાલાસિનોરમાં જીભ લપસી હદ તો ત્યારે થાય છે કે દરેક સભામાં ખોટી વાતો કરી અને લોકોને ભરમાવવાનો પ્રયાસ કરાય છે. સત્યનો સૈકો હોય છે દંભનો દસકો હોય છે તે વાત મુખ્યમંત્રી ભુલી ગયા હોય એમ લાગે છે.

તેમણે જણાવ્યુ કે જે વંશવાદને નામે કોંગ્રેસ પર પ્રહારો કરે છે તે પરિવાર છેલ્લા વીસ વર્ષથી સત્તાથી પર છે અને પક્ષની વિચારધારાને લઈ ચાલે છે. તેમણે કહ્યું કે નહેરૂની નીતિ વસુધૈવ કુટુમ્બકમની હતી.

પ્રદેશ પ્રમુખે જણાવ્યુ કે પંડિત નહેરૂ, આચાર્ય ક્રિપલાણી અને મૌલાનાની ૧૨૫મી જન્મજયંતિનું વર્ષ છે જેની ઉજવણી પક્ષ દ્વારા આખુ વર્ષ ચાલવાની છે.

શ્રી મોઢવાડિયાએ જણાવ્યુ કે યુપીએના શાસન થકી ગાંધીનગરને સેન્ટ્રલ યુનિ. અને આઈ.આઈ.ટી. જેવી સંસ્થાઓ મળી, રેલવે સ્ટેશન મળ્યું છે. ગાંધીનગરના વિકાસ માટે તેમણે કંઈ કર્યું નથી.

આ સભાને સંબોધતાં પૂર્વ ધારાસભ્ય શ્રી સી.જે. ચાવડાએ જણાવ્યું હતુ કે ગુજરાત સરકારમાં માત્ર દાણી-અદાણી, અંબાણી, અડવાણી અને મોદીની જૂઠી વાણી જ ચાલે છે. ગુજરાતમાં પ્રજાની એસ.ટી.ના રૂટ ઘટ્યા, ડેપો બંધ થયા બેરોજગારી વધી પણ છતાંય વિકાસ વિકાસનું ગાણુ જ ગવાય છે.

પ્રદેશ મહામંત્રી શ્રી નીશિત

● અનુસંધાન પાન-૭ પર

# સુરત-પશ્ચિમ બેઠક પર પૂર્ણેશ મોદી ભાજપના ઉમેદવાર

અમદાવાદ, તા.૧૪

ગુજરાત વિધાનસભાની સુરત-પશ્ચિમની ખાલી પડેલી બેઠક માટે તા. ૪થી ડિસેમ્બરના રોજ યોજાનારી પેટા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા સુરતના શહેર પ્રમુખ પૂર્ણેશભાઈ ઈશ્વરલાલ મોદીને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લેવાયો છે. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથ સીંધે ગુજરાત ભાજપ દ્વારા મોકલવામાં આવેલા પૂર્ણેશ મોના નામને મંજુરી આપી હતી. સુરત-પશ્ચિમની બેઠકના ભાજપના ધારાસભ્ય કિશોર વાંકાવાલાના જુન માસમાં થયેલ અવસાનને લીધે આ બેઠક ખાલી પડી હતી. કેન્દ્રિય ચૂંટણી પંચે તાજેતરમાં પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી સાથે સુરત-પશ્ચિમ અંગે તમિળનાડુ વિધાનસભાની એક-એક બેઠક માટે પેટા-ચૂંટણી પણ જાહેરાત કરી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ સુરત શહેરના ભાજપના પ્રમુખ અને પ્રદેશના ઉપાધ્યાક્ષ તરીકે સેવા આપતા કિશોર વાંકાવાલા સુરત-પશ્ચિમની બેઠક ગત ચૂંટણી ૬૯૨૬૭ મતોની સરસાઈથી જીત્યા હતા પરંતુ ગત તા. ૨૯મી જુન ૨૦૧૩ના રોજ ૭૦ વર્ષની વયે વાંકાવાલાનું અવસાન થતાં આ બેઠક ખાલી પડી હતી. હવે તા. ૪થી ડિસેમ્બરના રોજ આ બેઠક માટે યોજાનારી પેટા ચૂંટણી માટે ભાજપે ફરીથી સુરત શહેરના ભાજપના પ્રમુખ પૂર્ણેશભાઈ મોદીને ટિકીટ આફી પોતાની પરંપરાગત આ બેઠક જાળવી રાખવાનો પ્રયાસ કર્યો છે.

### કોંગ્રેસના ઉમેદવાર ડીએલ પટેલ નિશ્ચિત

અમદાવાદ, તા.૧૪

સુરત પશ્ચિમ વિધાનસભા ક્ષેત્રની ખાલી પડેલી બેઠક માટે તા. ૪થી ડિસેમ્બરના રોજ યોજાનારી પેટાચૂંટણી માટે કોંગ્રેસ તરફથી ઉમેદવાર તરીકે સ્થાનિક આગેવાન ડી.એલ. પટેલનું નામ નક્કી કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. સુત્રોના જણાવ્યા અનુસાર સુરત કોંગ્રેસ એકમ દ્વારા સર્વાનુમતે ડી.એલ. પટેલનું એકમાત્ર પ્રદેશ નેતાગીરી સમક્ષ રજુ કરવામાં આવ્યું હતું. આ નામને પ્રદેશ તથા કેન્દ્રિય ચૂંટણી સમિતિ દ્વારા મંજુર કરવામાં આવતા ડી.એલ. પટેલના નામની મોડી રાત સુધીમાં જાહેરાત થઈ જશે તેવા નિર્દેશો સાંપડ્યા છે.



(તસવીર : દિપક જાની)

તુલસી વિવાહ - ભારતીય સંસ્કૃતિમાં દેવઉઠી અગિયારસથી ત્રિપુરારી પુનમ સુધીના દિવસોને દેવદિવાળી તરીકે ઉજવાય છે અને આ પાંચ દિવસ તુલસી વિવાહનો મહિમા છે. ચાતુર્માસના વિરામ બાદ લગ્નોત્સવનો પ્રારંભ તુલસી વિવાહથી થાય છે... સેક્ટર-૫, પંચમુખી મહાદેવ ખાતે ગુરૂવારે તુલસી વિવાહનો પ્રસંગ ધામધૂમથી ઉજવાયો હતો.

# રાજ્યમાં ઠંડી વધી : નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૧.૭ થયુ

અમદાવાદ, તા.૧૪

અમદાવાદ સહિત ગુજરાતમાં પણ હવે ઠંડીની ધીમી ગતિએ એન્ટ્રી થઈ ચુકી છે. ઠંડીના કારણે હવે સવારમાં અને મોડી રાત્રે લોકો ગરમ વસ્ત્રો પહેરવા લાગી ગયા છે. આગામી દિવસોમાં ઠંડીમાં વધારો થવાના સંકેત પણ મળી રહ્યા છે જેના કારણે ગરમ વસ્ત્રોના બજારમાં પણ તેજી આવી ગઈ છે. અમદાવાદ માટે સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યુ છે કે શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીની આસપાસ રહેશે. સામાન્યરીતે સુખા પવનો હાલમાં ફૂંકાઈ રહયા છે. મિશ્ર વાતાવરણનો અનુભવ બપોરના ગાળામાં થઈ રહ્યો છે. રાજ્ય માટેની આગાહીમાં જણાવાયુ છે કે વાતાવરણ સ્વચ્છ રહેશે. આજે રાજ્યમાં સૌથી ઓછુ લઘુત્તમ તાપમાન નલિયામાં ૧૧.૭ ડિગ્રી નોંધાયુ હતુ. નલિયામાં લોકો ઠંડીનો અનુભવ કરવા લાગી ગયા છે. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયુ હતુ. જ્યારે પાટનગર ગાંધીનગરમાં ૧૫.૫ ડિગ્રી તાપમાન થયુ હતુ. કંડલા એરપોર્ટ પર ૧૫.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ.

JOB OPENING
In US Based International Call-center
(Male / Female)
Having verbal English communication skill and able to work at night shift.
(Attractive Incentive, Food, Perks.)
Solution BPO Services
10/11, FF, White House, Panchwati Circle, C.G. Road, Ahmedabad
204-A, IT Tower -1, Infocity, Gandhinagar.
Call - 9712774898

સરકારી નોકરી મેળવવા... GPSC BANK PSI કલાર્ક તલાટી વગેરે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે
ધોરણ-12 પાસ તથા ગ્રેજ્યુએટ વ્યક્તિઓ યોગ્ય માર્ગદર્શન હેઠળ તૈયારી કરી જરૂરથી સરકારી નોકરી પ્રાપ્ત કરો
• સોમથી શનિ દરરોજ 2 કલાકનું ટીચીંગ
• બહોળો અનુભવ ધરાવતી એક્સપર્ટ ફેકલ્ટીઝ
• દરરોજ લેવાતી ટેસ્ટ દ્વારા સતત મૂલ્યાંકન
• ગણિત - અંગ્રેજીનું પાયાથી જ શિક્ષણ
• શ્રેષ્ઠ ગુણવત્તા વાળું મટીરીયલ
• દરેક વિષયદીઠ અલગ અલગ ફેકલ્ટીઝ
નવી બેચનો પ્રારંભ તા.17-11-13 થી...
સમય : સવારે 8 થી 10 તથા સાંજે 7.15 થી 9.15
વિવેકાનંદ એકેડમી : પ્રવેશ માટે સંપર્ક : 99256 98721
677, બીજે માળ, ઈન્કવાયરી સામે, મુખ્ય શોપીંગ સેન્ટર સેક્ટર-22. 7359341717



ભાવાંજલિ
જીવન એવું જીવી ગયા કે, જોનારા જોયા કરે,
કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે,
દુઃખથી કદી ડર્યા નહી, સુખથી કદી છલકાયા નહી,
વ્યવહાર કદી ચૂક્યા નહી, રાજધર્મ કદી ભૂલ્યા નહી,
સૌના હૃદયમાં વસતા રહ્યા
પરમકૃપાળુ પરમાત્મા આપના પવિત્ર, પુણ્યશાળી આત્માને શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના...
સ્વ. પ્રો. મંગળભાઈ પટેલ
તા. ૧૫-૧૧-૨૦૧૧
પૂર્વ અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા
લી.
પટેલ ભગવાનદાસ માધવદાસ
પટેલ મથુરભાઈ માધવદાસ
પટેલ અંબાલાલ માધવદાસ
પટેલ પ્રવિણભાઈ માધવદાસ
ગં.સ્વ. હીરાબેન મંગળદાસ પટેલ
જયેશભાઈ મંગળદાસ પટેલ
જિલ્લા સદસ્યશ્રી, ગાંધીનગર જિલ્લા પંચાયત
શિવમ જયેશભાઈ પટેલ
પરબતપુરા ગ્રામજનો
સમસ્ત ભાજપ પરિવાર, માણસા-ગાંધીનગર